iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૬૧ : એપ્રિલ – જૂન, ૨૦૧૭

## તંત્રીસ્થાનેથી . . .

**પ્રિય મિત્રો**

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની સફર નિરંતર ચાલી રહી છે. સંસ્થા દ્વારા સમાજને શિક્ષિત કરી જાગૃત કરવાનુ અભિયાન અવિરતપણે ચાલી રહયુ છે.

આ ત્રિમાસિક ગાળામાં ૧૫૯ જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં વિવિધ સંસ્થાઓ માટે ૩૦ કાર્યક્રમ થયા હતા. તે ઉપરાંત અલગ–અલગ તાલુકાઓ અને ગામડાઓમાં ૩૦ જેટલા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમો ગાંધીનગર જીલ્લામાં નારદીપુર, કલોલ અને માણસા, મહેસાણા જીલ્લામાં વિસનગર, લિંચ, ખેરવા અને ઉનાવા, વડોદરા જીલ્લામાં દરિયાપુર, સિનોર, ગોરજ, વાઘોડિયા અને ડભોઈ, ભાવનગર જીલ્લામાં તરસમિયા અને ઉંડવી, રાજકોટ જીલ્લામાં કુવાડવા, બેડી, રીબડા અને પાલ, આણંદ જીલ્લામાં કરમસદ, ખંભાત, બોરસદ અને સંખેડા તેમજ સુરત જીલ્લામાં વરેઠી, સોનગઢ, ઉચ્છલ, બારડોલી, ઓલપાડ અને મોલવણ ખાતે થયા હતા.

કિડની નિષ્ફળતા એક શાંત અને જીવલેણ રોગ છે. જેથી અમારુ કામ સમાજના લોકોને એ સમજાવવાનુ છે કે સ્વસ્થ જીવન માટે કિડની તંદુરસ્ત હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે અમારા કાર્યક્રમો થકી લોકોને સમજાવતા હોઈએ છીએ કે સરળ અને નજીવા દરે થતા પરીક્ષણો દ્વારા કિડનીના રોગોને સહેલાઈથી ઓળખી શકાય છે. આ ઉપરાંત, અમે તેમને એ પણ યાદ કરાવીએ છીએ કે ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેસરના દર્દીઓ તેમજ ૬૦ વર્ષથી ઉપરની વયના લોકોએ નિયમિતપણે કિડનીની તપાસ કરાવી લેવી જોઈએ.

અમે પહેલીવાર જૂનાગઢ શહેરમાં સિનિયર સિટીઝન મંડળના સભ્યો માટે એક જાહેર જાગૃતિ કાર્યક્રમનુ આયોજન, પ્રમુખ શ્રી જે.બી. માંકડના સહયોગથી કર્યુ હતુ. જેમાં શહેરની ત્રિમૂર્તી મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલના પ્રખ્યાત યુરોલોજીસ્ટ, ડો. ડી.પી. ચિખલીયા અને ઈન્ટેસીવિસ્ટ ડો. શૈલેષ જાદવને વકતા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. અમે બન્ને તબીબોનો આભાર માનીએ છીએ.

તા. ૨ ઓગષ્ટ ના રોજ મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ ખાતે ડો. સુજાતા રાજાપુરકર, મેડિકલ સોશિયલ વર્કર અને ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડિનેટર, દ્વારા ‘Deceased Organ Donor Transplantation’ વિષય પર સંસ્થાના સલાહકાર સમિતિના સભ્યો, કર્મચારીઓ અને સ્વયંસેવકો માટે એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલના તમામ નિષ્ણાંત તબીબોએ આ વિષયને લગતા વિવિધ પાસાઓ ઉપર માહિતી આપીને અમારા જ્ઞાનમાં વધારો કર્યો હતો. અમે તમામ તબીબોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપને જણાવતા આનંદ થાય છે કે અમે ભાવનગર ખાતે સ્થાનિક સલાહકાર સમિતિની રચના કરી. ભાવનગર શહેરના જાણીતા સામાજીક કાર્યકર અને પરોપકારી, આદરણીય શ્રી જર્નાદનભાઈ ભટ્ટના માર્ગદર્શનથી આ સ્થાનિક સલાહકાર સમિતિની રચના થઇ છે.

તા. ૧૯ ઓગષ્ટના દિવસે જનમાષ્ટમીના પર્વને ધ્યાનમાં રાખીને સત્સંગ પરિવાર અને સ્પર્શ ફાઉન્ડેશનના સહયોગથી એક ચેરીટી શો, ‘કૃષ્ણ સમીપે – સૂર, શબ્દ અને આપણે’ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન સંસ્થાને નીચે મુજબના દાન પ્રાપ્ત થયા છે.

| | |
|---|---|
| લાયન્સ કલબ ઓફ સંવેદના, શ્રી રશ્મિકાન્તભાઈ શાહ, અમદાવાદ | રૂ. ૯૬,૦૦૦ |
| હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર, ડો. નીતિન સુમન્ત શાહ | રૂ. ૫૧,૦૦૦ |

આપ સૌને દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ.

**શુભેચ્છાઓ સહ,**

**ચીનુભાઈ આર. શાહ**
**ચેરમેન**

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

**અમદાવાદ**

૧. શ્રીમતી પ્રિતી અદાણી
૨. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૩. શ્રી ત્રિલોકભાઈ પરીખ
૪. શ્રી રમેશભાઈ ઓ. પરીખ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રીમતી રેખા ચોના
૭. શ્રી હેમંત શાહ
૮. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૯. શ્રી શુભાંગ શાહ
૧૦. શ્રી નિલેશ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રી રમેશભાઈ પટેલ

**વડૅસરં**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી જી.ડી. જલાણી
૩. શ્રી કરણ ગ્રોવર
૪. શ્રી મહેશ શાહ
૫. શ્રી જાલ પટેલ
૬. શ્રી યોગેશ વેલાણી
૭. શ્રી મધુ મહેતા
૮. શ્રી કુંજલ પટેલ
૯. શ્રી રોહિત પરીખ

**તુરદ**

૧. શ્રી શરદ કાપડિયા
૨. શ્રી આઈ.જે. દેસાઈ
૩. શ્રી અરુણ જરીવાલા
૪. શ્રી રજનિકાંત કે. મારફયિતા
૫. શ્રી રાજેન્દ્ર ચોખાવાળા
૬. ડો. મીના માંડલેવાલા
૭. ડો. પ્રફુલ શિરોયા
૮. શ્રી ભરતભાઈ શાહ
૯. શ્રી રોહિત મહેતા
૧૦. શ્રી કમલેશ યાજ્ઞિક
૧૧. શ્રી પ્રદિપ કલકતાવાલા
૧૨. શ્રી જીતેન્દ્ર દાલીયા
૧૩. શ્રી ધિરેન થરનારી

## આ ત્રિમાસિક ગાળા દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ

### જાગૃતિ કાર્યક્રમો

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન છેલ્લા ૧૬ વર્ષથી કામ કરી રહી છે અને નવા નવા ભૌગોલિક વિસ્તારોમાં સતત પ્રવૃત્તિઓનો ફેલાવો કરી રહી છે. આધુનિક જીવનશૈલીને કારણે સમાજમાં ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેસર તેમજ કિડની વિષેની અજ્ઞાનતાના કારણે ક્રોનિક કિડની રોગનુ પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગ્યુ છે. ગુજરાત રાજયમાં જાન્યુઆરી ૨૦૦૨ થી સંસ્થા કિડનીના ક્ષેત્રમાં લોકજાગૃતિ લાવવા માટે મહત્વનુ યોગદાન આપી રહી છે.

આ ત્રિમાસિક ગાળામાં ૧૫૯ કિડની જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા જેમાં ઘણા બધા કાર્યક્રમો ગામડાઓમાં પણ થયા. અમારી આ લોકજાગૃતિ કાર્યક્રમોની પ્રવૃત્તિઓને ગામડાઓમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળે છે અને ગામડાના લાકો ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લે છે.

| જીલ્લો | કુલ કાર્યક્રમો |
|---|---|
| અમદાવાદ | ૩૦ |
| સુરત | ૨૭ |
| વડોદરા | ૨૦ |
| ભાવનગર | ૨૬ |
| મહેસાણા | ૨૩ |
| રાજકોટ | ૨૩ |
| ગાંધીનગર | ૬ |
| આણંદ | ૪ |
| કુલ | ૧૫૯ |

હાલમાં જ આણંદ જીલ્લાના બોરસદ તાલુકાના સંખેડા ગામમાં નવરચના મહિલા વિકાસ ટ્રસ્ટ ખાતે એક કાર્યક્રમ કરવામાં આવ્યો. ટ્રસ્ટી શ્રી હિરાભાઈ ઝાંપડિયાએ અમારા કાર્યક્રમને વખાણતા કહયુ કે, "કાર્યક્રમમાં ભાગ લેનાર ગામના દરેક વ્યકિતને કિડની રોગો વિષે કોઈ જ માહિતી ન હતી. જેમાં વરિષ્ઠ નાગરરિકોનો પણ સમાવેશ થાય છે. આ કાર્યક્રમે લોકોની આંખો ખોલી જેના માટે હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો ખૂબ જ આભાર માનુ છું."


આઈ.ટી.આઈ., ડભોઈ


ગોપાલ ડેરી, રાજકોટ


મધર ડેરી, જૂનાગઢ


બાસણા ગામ, મહેસાણા


જે.કે. સરવૈયા કોલેજ, ભાવનગર


સમર્થ ડાયમંડ, વિસનગર


શ્રી એસ.એસ. પટેલ બી.એડ કોલેજ, ગાંધીનગર


એસ.બી.આઈ. ઓવરસીઝ બ્રાન્ચ, અમદાવાદ


આઈ.ટી.આઈ., કરમસદ

## જૂનાગઢ ખાતે જાહેર જાગૃતિ કાર્યક્રમ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પહેલી વાર જૂનાગઢ ખાતે તા. ૬ ઓગષ્ટના રોજ જાહેર જાગૃતિ કાર્યક્રમ શહેરના સિનિયર સિટિઝન્સ ગ્રુપના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શહેરના ખ્યાતનામ યુરોલોજીસ્ટ, ડો. ડી.પી. ચિખલિયા અને ઈન્ટેસીવિસ્ટ, ડો. શૈલેષ જાદવને વકતા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શહેરના ૭૦૦ થી પણ વધારે લોકોએ ભાગ લીધો. આ કાર્યક્રમનો હેતુ કિડની રોગો વિષે જાગૃતિ લાવી તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. ડો. ચિખાલિયાએ પ્રોસ્ટેટને લગતી બિમારી અંગો ખૂબ જ રસપ્રદ રજૂઆત કરી હતી. આ ઉપરાંત અંગદાનના મહત્વ વિષે પણ તેમણે વાત કરી હતી. ડો. જાદવ દ્વારા ખૂબ જ સરળ ભાષામાં ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેસરની કિડની પર થતી અસરો વિષે સમજ આપવામાં આવી હતી.

અમે બન્ને સેવાભાવી તબીબોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અમને આ કાર્યક્રમ કરવાની તક આપવા બદલ અમે પ્રમુખ શ્રી જે.બી.માંકડનો પણ આભાર માનીએ છીએઈ



શ્રી જે.બી. માંકડ, ડો. ડી.પી. ચીખલીયા અને ડો. શૈલેષ જાદવ




ડો. ડી.પી. ચીખલીયાનુ સ્વાગતા કરતા શ્રી જે.બી. માંકડ



પાઠક વિગેરે હાજર રહીને કોર્પોરેટરનો આભાર માન્યો હતો.

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને સિનિયર સિટીઝન મંડળ દ્વારા કિડની જાગૃતિ સેમિનાર યોજાયો**

કિડનીના રોગો વિશે સમાજમાં જાગૃતિ લાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને સીનીયર સીટીઝન મંડળ જુનાગઢના સંયુક્ત ઉપક્રમે તા.૦૬/૦૮ ના રોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ દરમ્યાન પરબત લક્ષ્મણ પટેલ સમાજની વાડી હોલ, જુનાગઢ

પ્રેસનોટ



શ્રોતાગણ

સંસ્થાની કામગીરીને બિરદાવતા ડો. ચિખાલિયાએ કહયુ હતુ કે,

"હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સાથે છેલ્લા એક વર્ષથી સંકળાયેલો છુ. તેઓ ખૂબ જ ઉમદા પ્રવૃત્તિઓ કરે છે. સંસ્થા દ્વારા કરવામાં આવતા લોકજાગૃતિ કાર્યક્રમો અને ડાયાલિસીસ તેમજ કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને કરવામાંઆવતી આર્થિક સહાય માટે હુંતેમની કદર કરુ છુ."

# નડીયાદ ખાતે 'મગજના મૃત્યુ બાદ કરવામાં આવતુ અંગ પ્રત્યારોપણ' (Deceased Organ Donor Transplantation) વિષય પર એક સેમિનારનુ આયોજન

તા. ૨ ઓગષ્ટ ના રોજ ડો. સુજાતા રાજાપુરકર (મેડિકલ સોશિયલ વર્કર અને ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડિનેટર, મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ) દ્વારા 'Deceased Organ Donor Transplantation' વિષય પર સંસ્થાના સલાહકાર સમિતિના સભ્યો, કર્મચારીઓ અને સ્વયંસેવકો માટે એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલના નામાંકિત અને વિદ્વાન તબીબોએ 'Deceased Organ Donor Transplantation' વિષય પર અમને સમજ આપી હતી. હોસ્પિટલના મેડિકલ ડાયરેકટર, ડો. એ.કે. રસ્તોગીએ આવકાર પ્રવચન આપીને કાર્યક્રમની રુપરેખા સમજાવી હતી. તે પછી અન્ય તબીબોએ નીચેના વિષયો ઉપર માહિતીસભર વકતવ્યો આપ્યા હતા.

૧. ડો. સિશીર ગંગ (નેફ્રોલોજીસ્ટ), ચેરમેન, નેફ્રોલોજી વિભાગ જેમણે બ્રેઈન ડેઈથ વિષે સમજ આપી હતી.

૨. ડો. હાર્દિક પટેલે (નેફ્રોલોજીસ્ટ) હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ એકટ ૧૯૯૪ ના નિયમો અને સુધારા વિષે વાત કરી હતી.

૩. ડો. ઉમાપતિ હેગડે (નેફ્રોલોજીસ્ટ), વાઈસ ચેરમેન, નેફ્રોલોજી વિભાગ દ્વારા 'ઓર્ગન ડોનર ટ્રાન્સપ્લાન્ટેશન' વિષેની પ્રક્રિયાની સમજ આપી હતી.

૩. ડો. સુજાતા રાજાપુરકર જેઓ હોસ્પિટલમાં મેડિકલ સોશિયલ વર્કરની ફરજ બજાવે છે. તેમણે સૌથી સંવેદનશીલ વિષય 'Grief Counseling' ઉપર સમજ આપી હતી.

૪. ડો. અરવિંદ ગનપુલે (યુરોલોજીસ્ટ) એ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સર્જરી વિષેની ટેકનિકલ સમજ આપી હતી.

૫. કુ. પ્રાચી શાહ, મદદનીશ મેડિકલ સોશિયલ વર્કર અને ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડીનેટર દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડીનેશન વિષે માહિતી આપવામાં આવી હતી.



**પ્રેઝન્ટેશન આપતા ડો. સિશીર ગંગ (નેફ્રોલોજીસ્ટ)**



**શ્રી ચીનુભાઈ શાહનુ સ્વાગત કરતા ડો. એ.કે. રસ્તોગી અને ડો. (શ્રીમતી) સુજાતા રાજાપુરકર**



**આભાર વ્યકત કરતા શ્રી મહેશભાઈ શાહ**


**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**રાજકોટ**

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ

# ભાવનગર ચેપ્ટરની સલાહકાર સમિતિ

સંસ્થાના ભાવનગર ચેપ્ટરની સલાહકાર સમિતિની હાલમાં જ રચના કરવામાં આવી એ જણાવતા અમે ખૂબ જ ખુશીની લાગણી અનુભવીએ છીએ. સલાહકાર સમિતિના તમામ સભ્યો શહેરના અગ્રણી નાગરિકો છે તેમજ તેમના વ્યવસાયની સાથે સાથે અનેક સામાજીક પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા છે. અમે તેમના અમૂલ્ય માર્ગદર્શન થકી સંસ્થાની પ્રવૃત્તિઓનો વધુ સારી રીતે ભાવનગર અને તેના આજુબાજુના વિસ્તારમાં ફેલાવો કરીશું.

આ સમિતિની પહેલી મિટિંગ ૨ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી જેમાં સમિતિના સભ્યો ઉપરાંત શ્રી કિશોરભાઈ મહેતા પણ ઉપસ્થિત રહયા હતા. આ સલાહકાર સમિતિના સભ્યો નીચે મુજબ છે.

| ક્ર.નં. | સભ્યનુ નામ | વ્યવસાય |
|---|---|---|
| ૧. | શ્રી જર્નાદનભાઈ ભટ્ટ | ટ્રસ્ટી, શહીદ સૈનિક પરિવાર સહાય ટ્રસ્ટ |
| ૨. | શ્રી સુનીલભાઈ વડોદરીયા | ઉપપ્રમુખ, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ |
| ૩. | ડો. શ્રી સી.બી. ત્રિપાઠી | ડીન – મેડિકલ કોલેજ, ભાવનગર |
| ૪. | શ્રી અશેષભાઈ ત્રિવેદી | ફાઈનાન્સ કન્સલ્ટન્ટ |
| ૫. | શ્રી ચેતનભાઈ કામદાર | ઉદ્યોગપતિ |
| ૬. | શ્રી રાજુભાઈ બક્ષી | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ |

અમે દરેક સભ્યનો અંતઃકરણથી આભાર માનીએ છીએ અને આ સમિતિની રચના કરવામાં મદદરૂપ થનાર આદરણીય શ્રી જર્નાદનભાઈ ભટ્ટનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

Prerana
Rehabilitation Programme

કિડનીના દર્દીઓ માટેનો પુનઃવર્સન કાર્યક્રમ 'પ્રેરણા' પણ દરેક ચેપ્ટર ખાતે નિયમિત પણે કરવામાં આવ્યા



ભાવનગર ખાતે નાટકનો આનંદ લેતા દર્દી મિત્રો



વડોદરા ખાતે સંગીતના કાર્યક્રમનો આનંદ માણતા દર્દી મિત્રો



સુરત ખાતે દર્દી મિત્રોને શિક્ષિત કરતા
કાર્ડિયોલોજીસ્ટ, ડો. અતુલ અભ્યંકર




અમદાવાદ ખાતે યુગપુરુષ નાટક

સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

મહેસાણા

૧. શ્રી અનિલભાઈ ટી. પટેલ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી શરદભાઈ પી. શાહ
૫. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૬. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૭. ડો. શ્રી પી.ડી. પટેલ
૮. શ્રી સંદિપભાઈ કે. શેઠ

# Music with a Mission

## કૃષ્ણ સમીપે– સૂર, શબ્દ અને આપણે!

તા. ૧૯ ઓગષ્ટ ના દિવસે જનમાષ્ટમીના પર્વને ધ્યાનમાંરાખીને એક અદ્‌ભુત સંગીતના કાર્યક્રમનુ આયોજન સત્સંગ પરિવાર અને સ્પર્શ ફાઉન્ડેશનની સાથે રહીને પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરીમ, થલતેજ ખાતે કરવામાં આવ્યુ હતુ. શહેરના નામાંકિત અને સત્સંગ પરિવારના પ્રણેતા શ્રીમતી નમ્રતાબેન શોધનના મધુર કંઠ સાથે ડો. દર્શનાબેન ઠકકરના શબ્દોએ કાર્યક્રમને ખૂબ જ યાદગાર બનાવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી ચીનુભાઈ શાહે શ્રોતાઓનુ સ્વાગત કરતા આવકાર પ્રવચન આપ્યુ હતુ અને સંસ્થા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. આપણી પરંપરા મુજબ અંતમાં શ્રી શુભાંગભાઈ શાહ દ્વારા સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. અમે શ્રીમતી નમ્રતાબેન શોધન, ડો. દર્શનાબેન ઠકકર તેમજ સત્સંગ પરિવાર અને સ્પર્શ ફાઉન્ડેશનના તમામ ટ્રસ્ટીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અમે દરેક સ્વયંસેવક અને શુભેચ્છકના તેમના અમૂલ્ય સહયોગ બદલ તેમના ઋણી છીએ.

## આ કાર્યક્રમની એક ઝલક અહી રજૂ કરીએ છીએ.




શ્રોતાઓનુ સ્વાગત કરતા શ્રી ચીનુભાઈ શાહ




શ્રીમતી. નમ્રતાબેન શોધન અને ડો. દર્શનાબેન ઠકકર



શ્રી ચીનુભાઈ શાહ, શ્રી સુશીલ હાન્ડા, ડો. (શ્રીમતી) સુજાતા રાજાપુરકર, શ્રીમતી રેણુકા ઘીયા અને ડો. નીતિન શાહ



શ્રી રશ્મિકાન્તભાઈ શાહ અને શ્રીમતી કુમુદબેન શાહ




આભાર વ્યક્ત કરતા શ્રી શુભાંગભાઈ શાહ




સંસ્થાની પ્રવૃત્તિઓનું પ્રદર્શન

# અંગદાન દિવસ

૧૩ મી ઓગષ્ટના રોજ અંગદાન દિવસ ઉજવવામાં આવે છે. આ મહત્વપૂર્ણ દિવસે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ભાઈલાલ અમીન હોસ્પિટલ, વડોદરા દ્વારા અંગદાતા પરિવારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રીમતી તેજલ અમીનને (ડાયરેક્ટર, નવરચના યુનિવર્સિટી) મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી રોહિત પરીખ, સંસ્થાની વડોદરા ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય અને લાયન્સ કલબના શ્રી અશ્વિનભાઈને ગેસ્ટ ઓફ ઓનર તરીકે આમંત્રિત કરવામાંઆવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભાઈલાલ અમીન હોસ્પિટલના પ્રમુખ, શ્રી પ્રવિણસિંઘે ઉપસ્થિત લોકોનુ સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમમાં જાણીતા તબીબો ડો. નિમેષ મહેતા અને ડો. કમલેશભાઈ પરીખે અનુક્રમે કેડેવર ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા અને અંગદાનના મહત્વ વિષે માહિતી આપી હતી.

આ ઉપરાંત અંગદાન વિષે સમાજમાં જાગૃતિ લાવવાના હેતુથી વડોદરા અને સુરત ખાતે વિવિધ સ્થળો પર હોર્ડિંગ્સ મુકવામાં આવ્યા હતા.

આ દિવસે ભાવનગરમાં પણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી અંગદાન જાગૃતિ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.




રેલ્વેસ્ટેશન, વડોદરા




સેફ્રોન કોમ્પ્લેક્ષની સામે, ફતેહગંજ, વડોદરા



અંગદાતા પરિવારો



અંગદાતા પરિવારને સન્માનિત કરતા શ્રી રોહિતભાઈ પરીખ



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર શાખા તથા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના ઉપક્રમે વિશ્વ અંગદાન દિવસની ઉજવણીના ભાગરૂપે શનિવારે સવારે કાળીયાબીડ વિસ્તારમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ બેનરો અને સૂત્રચ્ચાર કરી કાળીયાબીડ વિસ્તારમાં અંગદાન માટે જન જાગૃતિ ફેલાવી હતી. તસવીર- અજય ઠક્કર

ભાવનગર ખાતે અંગદાન જાગૃતિ રેલી




ચોપાટી, સુરત

# આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની માહિતી

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| લાયન્સ કલબ ઓફ સંવેદના, અમદાવાદ | રૂ. ૯૬,૦૦૦/– |
| હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ (ડો. નીતિન સુમન્ત શાહ ), અમદાવાદ | રૂ. ૫૧,૦૦૦/– |

## અન્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| ટેકફલો એન્ટરપ્રાઈઝ પ્રા. લિ., (શ્રી ધિરેનભાઈ પરીખ), અમદાવાદ | રૂ. ૨૧,૦૦૦/– |
| શ્રી ભરતભાઈ મોદી, અમદાવાદ | રૂ. ૨૧,૦૦૦/– |
| શ્રીમતી પલ્લવીબેન ચીનુભાઈ શાહ, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |
| શ્રીમતી નિરાલીબેન બી. પરીખ, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/– |
| શ્રી સિધ્ધાર્થ એન. માણકીવાલા, અમદાવાદ | રૂ. ૫,૦૦૧/– |
| સમર્થ ડાયમંડ, વિસનગર | રૂ. ૫,૦૦૦/– |

## Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દાતાશ્રીઓ

### અમદાવાદ

| | |
|---|---|
| શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ | રૂ. ૨,૫૦૦/– |
| શ્રી મિલન શાહ | રૂ. ૨,૦૦૦/– |
| શ્રી પ્રકાશભાઈ જલગાઉકર | રૂ. ૧,૫૦૦/– |
| ડો. વિલાસબેન મહેતા | રૂ. ૧,૦૦૦/– |
| શ્રીમતી રેખાબેન ડી. શાહ | રૂ. ૧,૦૦૦/– |
| શ્રીમતી પૂર્ણિમાબેન શાહ | રૂ. ૧,૦૦૦/– |
| શ્રી શ્યામભાઈ પુરોહિત | રૂ. ૫૦૦/– |
| ડો. શ્રધ્ધા ચોકસી | રૂ. ૫૦૦/– |
| શ્રી સુધીર પટેલ | રૂ. ૫૦૦/– |
| શ્રીમતી શિક્ષા સહાય | રૂ. ૫૦૦/– |

### વડોદરા

| | |
|---|---|
| શ્રી મહેશભાઈ શાહ (આલ્ફા ફાઉન્ડેશન), વડોદરા | રૂ. ૩૮,૬૧૦/– |

### સુરત

| | |
|---|---|
| ગીલોન ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | રૂ. ૧૫,૦૦૦/– |
| શ્રી સમીરભાઈ દેસાઈ | રૂ. ૨,૮૦૦/– |

### ભાવનગર

| | |
|---|---|
| શ્રીમતી વર્ષાબેન લાલાણી | રૂ. ૫૦૦/– |

## પ્રેરણા કાર્યક્રમના દાતાશ્રીઓ

### સુરત

| | |
|---|---|
| શ્રી હેમલભાઈ એન. સોની | રૂ. ૭,૫૦૦/– |

## વ્યકિતગત પેટ્રન સભ્યપદ

| | |
|---|---|
| શ્રી આશિષ યોગેશભાઈ ડોન્ગરે, વડોદરા | રૂ. ૨૫,૦૦૦/– |

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

A-1010, ઈન્ફીનિટી, ઓડા ગાર્ડનની પાસે, ઓફ. કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર–૩૮૦૦૧૫. ફોન– ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪

વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૭૨– ૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧૧૪૨૫૭ • ભૂજ : ૮૫૧૧૧૪૮૨૨૮

e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G